# ક્રિસમસને આવવા દો : લોકો ફરી હીરા ખરીદવા નીકળશે - માર્ક બોસ્ટન

## લાસવેગાસના ઝવેરાત મેળામાં જ એ લાગતું હતું કે ખરાબ સમય પસાર થઈ ગયો છે

એમ. ડી. દેવાણી

મુંબઈ, તા. ૮ સપ્ટે.

*(લંડનની એચ. ગોલ્ડી એન્ડ કંપની લિ.નું નામ ડાયમંડ ટ્રેડિંગ કંપનીના પ્રતિષ્ઠિત બ્રોકરોમાં આવે છે. માર્ક બોસ્ટન આ કંપનીના અધ્યક્ષ છે અને ભારના હીરા ઉદ્યોગના મિત્ર અને માર્ગદર્શક છે. તાજેતરના લાસવેગાસમાં જવેરાત મેળા પ્રત્યેના પ્રતિસાદ, રફ હીરાના બજારની હલચલ, આગામી ક્રિસમસના સંયોગો વગેરે વિષે તેમનું શું માનવું છે. તે તેમની સાથેના મહત્ત્વના વાર્તાલાપમાં વ્યક્ત થાય છે. અહીં પ્રસ્તુત છે આ વાર્તાલાપના મહત્ત્વના અંશ)*

તાજેતરમાં રફ હીરાનાં બજારમાં સ્પષ્ટ સુધારો જોવા મળ્યો છે. જો કે આ સુધારો પૉલિશ્ડ હીરાનાં બજારમાં સુધારો આવ્યો તે પહેલાંનો છે. અગાઉની રફ હીરાનાં બજારનો આ સુધારો ભારતના હીરા ઉદ્યોગને આભારી છે. રફ હીરાના ઉત્પાદકોની દૃષ્ટિએ જ નહિ, પણ નીચેના સ્તરેના વિશ્વાસની દૃષ્ટિએ પણ આ મહત્ત્વની બાબત છે, કેમ કે આ ક્ષેત્રમાં ભારતનું સ્થાન વિકાસના એન્જિન તથા જથ્થાબંધનાં બજારમાં સર્જનાત્મકતા માટે જાણીતું રહ્યું છે. એટલે ભારતનો આ ઉદ્યોગ અંતર્ગત વિશ્વાસ ગુમાવે તો છૂટકના વિક્રેતાઓને તેમ જ વપરાશકારોને પણ તેનો આંચકો લાગે જ.

**લાસવેગાસ અંગેનો પ્રતિસાદ**

નિરાશાજનક મંદીને કારણે લાસવેગાસ ખાતેના જવેરાત મેળા અંગે વિવિધ ધારણાઓ અને આગાહીઓ પ્રવર્તતી હતી. એટલું નિઃશંક છે કે અમુક લોકોને ત્યાં તેમની અપેક્ષા કરતાં વધુ સારો પ્રતિસાદ મળ્યો હતો. કેમ કે ત્યાં તેઓ નક્કર હકારાત્મક અભિગમ સાથે ગયા હતા. આ બાબત મહત્ત્વના તફાવત માટે કારણભૂત બની રહે છે. ખાસ કરીને તમારે કોઈ બનાવટ પ્રસ્તુત કરવાની હોય તો અમુક લોકો આ ઝવેરાત મેળા વિષે પ્રથમથી જ નકારાત્મક અભિગમ ધરાવતા હતા. એટલે સ્વાભાવિક રીતે જ ત્યાં તેઓની કામગીરી બહુ નબળી રહી. આટલી નોંધ લીધા પછી એટલું યાદ રાખવું જોઈએ કે આ ઝવેરાત મેળો બહુ સફળ રહ્યો



**માર્ક બોસ્ટન**
અધ્યક્ષ - એચ. ગોલ્ડી એન્ડ કંપની લિ., લંડન

હોય તેવો દાવો કોઈ કરતું નથી, પરંતુ ત્યાં એવી લાગણી એકંદરે પ્રવર્તતી હતી કે ખરાબ સમય પસાર થઈ ગયો હતો અને વધુ ખરાબ સમય આવવાની ધારણા રાખવામાં આવતી નહીં હતી.

કેટલાક વિક્રેતાઓ આગામી મોસમ માટે તૈયારી ત્યારથી કરવા લાગે છે. એટલે તેઓ કેટલા પ્રમાણમાં ઑર્ડરો આપે છે તે ઉપરથી આગામી મોસમ વિષેની તેમની અપેક્ષાઓનો ખ્યાલ આવી શકે છે.

**ક્રિસમસના સંયોગો**

આગામી ક્રિસમસની મોસમના હીરા તથા જવેરાતના વેપારના સંયોગોની વાત તરફ વળીએ તો એટલું યાદ રાખવું જોઈએ કે વિશ્વવ્યાપી આર્થિક મંદીને કારણે વપરાશકારોનો વિશ્વાસ ઘણો હચમચી ગયેલો છે અને સમગ્ર વિશ્વની રોજગારીની સ્થિતિ ઉપર પણ તેની અનિચ્છનીય અસર થઈ છે. આમ છતાં હીરા મેળવવાની ઈચ્છા એટલી પ્રબળ અને હીરાની પ્રતિકાત્મકતા એટલી બધી જોરદાર છે કે લગ્ન જેવા પ્રસંગો માટેની તેની માગ જળવાઈ રહે છે, એટલું જ નહિ પણ શાશ્વત પ્રેમના સંદેશા સાથે હીરા હતાશા અને નિરાશાના સમયમાં પણ ચળકતા રહે છે.

**અનોખી અસ્કયામત**

આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે સારી ગુણવત્તાવાળા અને વિશિષ્ટ હીરા એક મૂલ્ય-વૃદ્ધિ આપની અસ્કયામત છે. મૂલ્ય-વૃદ્ધિ આપની અન્ય અસ્કયામતોનો કોઈ સ્ત્રી પોતાના ગળાના શણગાર તરીકે ઉપયોગ કરી શકતી નથી અને મૂલ્ય-વૃદ્ધિ આપતી અન્ય અસ્કયામતો તેને આટલું સુખ આપતી નથી. ક્રિસમસને આવવા દો.

**ખરીદીનો યોગ્ય સમય**

માધ્યમો દ્વારા પીરસાતા નિરાશા અને હતાશાપ્રેરક અહેવાલોથી થાકેલા ઉપભોક્તાને ક્રિસમસવેળા લાગશે કે હીરા તથા ઝવેરાતની ખરીદી કરવાનો આ યોગ્ય સમય છે. ગયે વર્ષે ડી.ટી.સી. દ્વારા એવો સંદેશો પ્રસારિત કરવામાં આવ્યો હતો કે, 'ઓછું ખરીદો, પણ સારું ખરીદો' જ્યારે બજાર ઓર નીચું જવાને બદલે સુધરવાની શક્યતાઓ વધી રહી છે ત્યારે આ સંદેશો વધુ અર્થવંત બની રહે છે.

**બજારોનું વૈવિધ્યીકરણ**

હીરાના નિકાસકારો માટે એ મહત્ત્વનું છે કે તેમને વિવિધ બજારો અને કેન્દ્રોમાં અનેક નાના-મોટા ગ્રાહકો હોવા જોઈએ. ભારતના આ ઉદ્યોગની સફળતા મહદંશે એ હકીકત ઉપર આધારિત છે કે આ ક્ષેત્રની ભારતીય પેઢીઓએ એ બાબતનો ખ્યાલ રાખ્યો હતો કે તેમની પ્રગતિ અને કામગીરી માટે વૈશ્વિક વિતરણ વ્યવસ્થા આવશ્યક

(અનુસંધાન પાનું ૨)

(છેલ્લા પાનાથી ચાલુ)

## ક્રિસમસ ને..

ગણાય. આવું વિશ્વવ્યાપી માળખું સ્થાપિત કરવા માટે તેમણે અસાધારણ મહત્ત્વાકાંક્ષા દર્શાવી છે.

**ધ્યાનાકર્ષક બજારો**

અલબત્ત, અમેરિકામાંથી શરૂ થયેલી આર્થિક મંદીની અસર વિશ્વનાં અર્થતંત્ર ઉપર થઈ છે. છતાં કેટલાક દેશો તેમનાં અર્થતંત્રનાં કદ તથા તેમના સાહસિકોની નિપુણતાને કારણે ભારે આર્થિક શક્યતાઓ ધરાવે છે. આવા દેશોમાં ચીન અને ભારત સૌથી આગળ ઊપસી આવે છે. કુદરતી સાધનો પર આધારિત રશિયાનું અર્થતંત્ર અવારનવાર વધુ પડતી ચંચળતા દર્શાવે છે, પણ તેનાં અર્થતંત્રનું મહત્ત્વ બ્રાઝિલની તુલનાએ ઓછું આંકી શકાય નહિ. આ ઉપરાંત લેટીન અમેરિકાના કેટલાક દેશોનાં અર્થતંત્ર પણ બહુ સારી સ્થિતિમાં છે. જોકે ત્યાંના કેટલા દેશાનાં અર્થતંત્ર અપેક્ષાઓ સંતોષી શક્યા નથી. કોઈ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ તેમને લાગે છે કે કેટલાંક અર્થતંત્ર અંગેના તેમના અગાઉના ખ્યાલો ખોટા હતા. દા.ત. અત્યારે યુરોપના દેશો પણ મંદીની અસર હેઠળ છે, પણ યુરોપીય સંઘની સ્થાપના એ એક એવી મહત્ત્વની સિદ્ધિ છે જેને કેટલાક યુરોપિયનો પણ અત્યાર સુધી સમજી શક્યા નથી. અત્યારે વિશ્વને ભય વૈશ્વિકીકરણનો નહિ, પણ સંરક્ષણવાદનો છે. હીરા ઉદ્યોગ એ વૈશ્વિક દૃષ્ટિકોણવાળો વૈશ્વિક ઉદ્યોગ છે.